आनंदालय

# સામયિક પરીક્ષા

ધોરણ-૮

विद्या सर्वार्थ साधिका

વિષયઃ ગુજરાતી | કુલ ગુણ : ૨૦
તા ૨૨.૨ .2020 | સમય : ૧ કલાક

નામ : ____________________ ધોરણઃ _____ ક્રમાંકઃ _______________

પ્ર. ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.

૧ શિષ્યોએ પરમાનંદૈયાને શા માટે પગ ધોવાની ના પાડી ? ૨

૨ પહેલા અને બીજા દિવસે પુત્રએ પિતાને રુપિયા કેવી રીતે લાવી આપ્યા? ૨

પ્ર.૨ નિર્દેશ પ્રમાણે લખો.

અ સમાનાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | સહોદર | |
| ૨ | લગાર | |
| ૩ | તવંગર | |
| ૪ | જનક | |

બ વિરોધાર્થી શબ્દ આપો. ૪

| | | |
|---|---|---|
| ૧ | વિધ્વંશ | |
| ૨ | ભરેલ | |
| ૩ | સમાન | |
| ૪ | કમાણી | |

પ્ર. ૩ અ. ખાલી જગ્યા ૨

૧ ......... કાવ્યસંગ્રહ માટ રવીન્દ્રનાથ ટાગોરને નોબલ પુરસ્કાર મળ્યો હતો.

૨ છોકરાએ કમાવાના પ્રયત્નો કર્યા પણ ..........મળી.

બ. નીચેના વાક્યો ખરાં છે કે ખોટાં તે જણાવો. ૨

| | | |
|---|---|---|
| ૧ | ગુરુએ શિષ્યોને વૈદને બોલાવવા આદેશ કર્યો. | |

| | | |
|---|---|---|
| ૨ | બીજે દિવસે પિતાએ રૂપિયો ભઠ્ઠીમાં ફેકી દીધો. | |

પ્ર ૪ નીચે આપેલ વાર્તા વાંચીને પ્રશ્નોનાં જવાબ આપો ૪

હેમ્પશાયર નામનું ગામ હતું.ગામની પાસે જ એક મોટું ભયાનક જંગલ હતું.ગામમાં સેમ અને તેને પિતા રહેતા હતા.સેમના પિતા ઘોડા ઉછેરવાનું કામ કરતા હતા.તેઓની પાસે કુલ આઠ ઘોડા હતા.સેમને ઘોડા ખૂબ જ પ્રિય હતા.રોજ સવારે ઊઠીને સેમ ઘોડા બાંધ્યા હોય તે ઘોડારમાં જતો અને દરેક ઘોડાને લાડ કરતો.તેને પ્રેમથી હાથ ફેરવતો અને ઘાસ ખવડાવતો.

એક દિવસ સેમ અને એના પિતા દૂર અરણ્યમાં ઘોડા લઈને ચારો ચરાવવા ગયા. ત્યાં સરસ હરિયાળી હતી. સુંદર મઝાનું તળાવ હતું.સેમે તેના પિતાને કહયું “આપણે અહીં જ રોકાઈ જઈએ.આપણા ઘોડાને સરસ ઘાસ ચરવા મળશે અને સરોવરનું સ્વચ્છ પાણી પીવાને મળશે.હું તળાવમાં તરીશ અને સ્નાન કરીશ.” સેમ અને તેના પિતા એક ઝાડ નીચે બેઠા અને પોતાની સાથે લાવેલું ભોજન કરવા લાગ્યા.ઘોડા સરસ મજાનું ઘાસ ખાવા લાગ્યા.સેમના પિતાને ઊંઘ આવી ગઈ તે ઝાડની નીચે જ સૂઈ ગયા.સેમ ચારેબાજુ નજર ફેરવતો હતો ત્યાં એની નજર સફેદ રંગના એક બચ્ચા પર પડી.સેમ તેને જોતો જ રહયો.સફેદ રંગનું ઘોડાનું એ બચ્ચું તળાવના કિનારે આમતેમ આવતું જતું હતું.સેમ તેના પિતાને કહેવા લાગ્યો “પિતાજી આ સફેદ રંગનું ઘોડાનું બચ્ચું પોતાનો માર્ગ ભૂલી ગયું છે.શું આપણે ઘરે લઈ જઈએ?” પિતાએ જવાબ આપ્યો “ના બેટા તેની માં આસપાસ જ હશે.એ કોઈની માલિકીનું

હશે.આપણાથી એમ ને એમ ન લઈ લેવાય.ચાલ હવે પાછા ફરીએ સાંજ પડે એ પહેલાં ઘરે પહોચી જઈએ."

સેમ અને  એના પિતા ઘોડા પર બેઠા અને એમના ઘર તરફ ઘોડા દોડાવી મૂક્યા.બધા ઘોડા તેમની પાછળ દોડવા લાગ્યા.થોડે દૂર ગયા પછી સેમે પાછળ જોયું તો પેલું સફેદ બચ્ચુ પણ પાછળ પાછળ દોડતું આવતું હતું.એણે એના પિતાને કહયુ "પિતાજી પેલું સફેદ બચ્ચું પણ પાછળ પાછળ આવે જ છે." પિતાએ જવાબ આપ્યો "જો તે ઘર સુધી આવે તો આપણે રાખી લઈશું." સફેદ ઘોડાનું બચ્ચુ ઘર સુધી આવી ગયું. બધા ઘોડાઓ સાથે તે ઘોડારમાં પણ આવી  ગયું.પિતાએ તેને રાખી લીધું. સેમે તેનું નામ ઈવાન રાખ્યું.

હવે રોજ સવારે ઊઠીને સેમ ઈવાનને મળતો.તેની સાથે મસ્તી કરતો.તે જેમ જેમ મોટું થયું તેમ તે બીજા ઘોડાઓ કરતાં અલગ લાગવા માંડયુ.ઈવાન હવે મોટો ઘોડો બની ગયો હતો.તેને ગરદન પર ઈન્દ્રધનુષના રંગની કેશવાળી  અને કપાળમાં એક ઈન્દ્રધનુષના રંગનું સુંદર શિંગડું પણ ઊગી નિકળ્યું હતું.આ જોઈને બીજા ઘોડા તેની મશ્કરી કરવા લાગ્યા.કહેવા લાગ્યા શિંગડાવાળો  ઈવાન.

એક દિવસ સેમ અને તેના પિતા બહારગામ ગયા.ઘોડાની સાચવણી તેમના નોકર જેકને સોપી હતી.જેક બપોરે બજારમાં ફરવા જતો રહયો.સેમને ઘોડારમાંથી સંગીતના સૂર સંભળાવા લાગ્યા.બધા ઘોડા જાણે સંગીતના જાદુમાં આવ્યા હોય એમ સંગીતની દિશામાં જવા લાગ્યા.ઈવાને થયું બધા ઘોડા સંગીતની દિશામાં કેમ જાય છે? તે પણ સંગીતની દિશામાં ચાલવા લાગ્યો.ગામની બહાર કાળા કપડાં પહેરેલા બે માણસો મોટી ટ્રક લઈને ઊભા હતા.અમાનો એક વાંસળી વગાડી રહયો હતો.

ઈવાન ઝાડીઓની પાછળથી  દોડીને બીજી બાજુથી ટ્રકની પાછળ પહોચ્યો. કાળા કપડાંવાળો એક માણસ બીજા માણસને કહી રહયો હતો "તારા વાંસળીનો જાદુ કામ કરી ગયો.ચાલ હવે બધાને ટ્રકમાં ભરીને ભાગી જઈએ.આ ઘોડાને વેચવાથી ખૂબ જ પૈસા મળશે."તરત ઈવાન ટ્રકની પાછળથી બહાર નીકળ્યો અને બધા ઘોડાને પોતાનું શિંગડું મારી મારીને જગાડવા લાગ્યો. જેને જેને શિગડું વાગે તે ઘોડો જાદુમાંથી મૂક્ત થઈ જવા લાગ્યો.બંને ચોરે ઈવાનને જોયો.એક ચોર બોલ્યો "અરે આ તો દૈવીઘોડો – યુનિકોર્ન છે. આના તો લાખો રુપિયા મળશે. આને જ ઉપાડી લઈએ" પણ ભાનમાં આવેલા ઘોડાઓએ ચોરની વાત સાંભળી. બધા ઘોડાઓએ  આ વાત સાંભળીને ચોરો પર હુમલો કર્યો.ઈવાને પણ એક ચોરને શિંગડું મારીને ઘાયલ કર્યો.બીજા ચોરે ટ્રક ચાલુ કરી અને બન્ને એમાં બેસાને ભાગી ગયા.

બધા ઘોડા ઈવાન પાસે જઈ બોલ્યા "તું તો કદી જોવા ન મળે એવો યુનિકોર્ન છે.અમે તને ઓળખ્યો નહી.તારી મશ્કરી કરી.છતાં તે અમને બધાને બચાવ્યા." ઈવાને કહયું "એ આપણી અંદર અંદરની વાત હતી.બહારના ચોર આવીને તમને ઉપાડી જાય તે કેમ ચાલે? મુશ્કેલીના સમયે એકબીજાને મદદ કરવી એ જ તો સાચો ધર્મ છે.એકબીજા સાથે સંપીને રહેવામાં જ શક્તિ છે."

આ સાંભળી બધા ઘોડાની આંખો ખૂલી ગઈ.તેઓ ઈવાનને ખૂબ વહાલ કરવા લાગ્યા.સાંજે સેમ અને એના પિતા ઘરે આવ્યા અને જોયું તો બધા ઘોડા પહેલાં કરતાં વધારે ખુશ જણાતા હતા.

૧ સેમ ઘોડાને શું કરતો હતો?

| |
|---|
| |
| |
| |
| |

૨ વાર્તામાંથી નીચેના શબ્દોના સમાનાર્થી શોધીને લખો

| |
|---|
| ૧. જંગલ |
| |
| ૨. તળાવ |
| |

૩ તમને ઈવાનનો કયો સદગુણ ગમ્યો? શ માટે?

| |
|---|
| |
| |
| |
| |

૪ આ વાર્તામાંથી તમને શો બોધપાઠ મળે છે ?

| |
|---|
| |
| |
| |
| |